ગાંધીનગર સમાચાર

થર્ટી ફસ્ટની ઉજવણી ફક્ત શહેરમાં થાય છે

## @ગાંધીનગર

● ગાંધીનગર સમાચાર વાર્ષિક લવાજમ યોજના અંતર્ગત રવિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે સેક્ટર-૭, સૌરાષ્ટ્ર પટેલ વાડી ખાતે ઈનામી ડ્રો યોજાશે.

● સમસ્ત નાગર પરિષદ દ્વારા સવારે ૯.૩૦ કલાકે સેક્ટર-૧૭, ટાઉનહોલ ખાતે જીવનસાથી પસંદગી મેળો યોજાશે.

● સમર્પણ પરિવાર દ્વારા સવારે ૭ થી ૮ કલાક દરમિયાન સેક્ટર-૨૨, પંચદેવ મંદિરના સત્સંગ હોલ ખાતે નિઃશુલ્ક સામુહિક સમર્પણ ધ્યાન યોજાશે.

● બેતાલીસ લેઉવા પાટીદાર પ્રગતી મંડળ દ્વારા સવારે ૧૦.૦૦ કલાકે પેથાપુર, સુખડેશ્વર મહાદેવ ખાતે સ્નેહમિલન સમારોહ યોજાશે.

● ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સવારે ૯.૦૦ કલાકે ધોળાકૂવા ગામ ખાતે શેડ તથા ધોબીઘાટનું ઉદ્‌ઘાટન કરાશે. ઉપરાંત મંડળના ઉત્સાહી સભ્યોનું સન્માન સમારોહ યોજાશે.

● ગોપી મહિલા મંડળ તથા વસાહત મંડળ સે. ૧૩-સી દ્વારા બપોરે ૧.૩૦ કલાકે સેક્ટર-૧૩-સી, નવરાત્રી ચોક ખાતે શ્રીમદ્‌ ભાગવત જ્ઞાનયજ્ઞ કથા યોજાશે.

● માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશન દ્વારા સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન ઘ-૪ સર્કલ પાસે ઉદ્યોગભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

● દિવ્ય જીવન સંઘ તથા ગાયત્રી શક્તિપીઠના સંયુક્ત ઉપક્રમે સવારે ૭.૦૦ કલાકે સે. ૧ ગાયત્રી શક્તિપીઠ ખાતે નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર યોજાશે.

● અરવિંદ કેન્દ્ર અને નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળના ઉપક્રમે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન નેચરોપેથી દ્વારા નિઃશુલ્ક કુદરતી ઉપચાર પદ્ધતિથી સારવાર કરાશે.

● રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા સવારે ૬.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન સેક્ટર-૧૨, રાજપૂત સમાજભવન ખાતે યોગાસન શિબિર યોજાશે.

- નજાહખાનમ સૈયદ

૪થી ૮ જાન્યુઆરી દરમ્યાન

# અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી ખાતે 'ઈન્સપાયર' ઈન્ટર્નશીપ સાયન્સ કેમ્પ

ગાંધીનગર, તા. ૨

અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી ઍન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ ખાતે 'ઈન્સપાયર' ઈન્ટર્નશીપ સાયન્સ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં ડૉ. રાગીન શાહે જણાવ્યું છે કે ઈન્સપાયર (ઈનોવેશન ઈન સાયન્સ પર્શ્યૂટ ફોર ઈન્સપાયર્ડ રિસર્ચ) એ ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી, ભારત સરકાર દ્વારા યોજાતો વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન તેમજ ટૅકનોલૉજીના ક્ષેત્રમાં રસ વધારવા માટેનો કાર્યક્રમ છે. ડીઍસટી, નવી દિલ્હી દ્વારા સ્પોન્સર કરવામાં આવતો આ પાંચ દિવસનો ઈન્સપાયર ઈન્ટર્નશીપ સાયન્સ કેમ્પ અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી ઍન્ડ બાયો રિસર્સ ઈન્સ્ટીટ્યુટ, ગાંધીનગર ખાતે આગામી તા. ૪થી ૮ જાન્યુઆરી દરમ્યાન યોજવામાં આવ્યો છે. કાર્યક્રમ માટે ટૅકનોલૉજીકલ યુનિવર્સિટી, ઍલ ડી ઍન્જિનીયરિંગ કૉલેજ તેમજ વિનસ ગ્રૂપ ઑફ ઈન્સ્ટીટ્યુટ્સનો સહયોગ પ્રાપ્ત થયો છે. કાર્યક્રમમાં ખ્યાત વૈજ્ઞાનિક સંસ્થાઓમાંથી વૈજ્ઞાનિકોને આમંત્રિત કરવામાં આવ્યા છે, જેઓ વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન તેમજ ટૅકનોલૉજીના ક્ષેત્રમાં અભિરુચિ કેળવાય તે માટે તેમની સાથે ચર્ચા કરશે તેમજ વિજ્ઞાનનાં લાઈવ ડૅમોન્સ્ટ્રેશન પ્રસ્તુત કરશે.

આ કાર્યક્રમનો ઉદ્‌ઘાટન વિધિ તા. ૪ જાન્યુઆરીના રોજ સવારે ૯ કલાકે અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી ખાતે યોજાશે. કાર્યક્રમ માટે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.



ઉત્તરાયણ પર્વમાં દાન-પુણ્યનો વિશેષ મહિમા રહેલો છે. નગરજનો ઉત્તરાયણના પર્વમાં કુતરાઓને લાડુ ખવડાવી પુણ્યનું ભાથુ બાંધે છે. ત્યારે શહેરના સેક્ટર-૫-એ મહિલા મંડળ દ્વારા મકરસંક્રાંતિ નિમિત્તે લાડુ બનાવાની કામગીરીનો આરંભ થઈ ગયો છે. આ લાડુ મહિલા મંડળ દ્વારા પર્વ દરમિયાન સેક્ટરના કુતરાઓને ખવડાવી પુણ્યનું કામ કરવામાં આવશે.

# ગાંધીનગર પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨




ગાંધીનગર પ્રજાપતિ સમાજનો વાર્ષિક સ્નેહમિલન સમારંભ અને ઈનામ વિતરણ કાર્યક્રમ આજરોજ ટાઉનહોલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે ૮૦ થી નવધુ ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી ધરાવતા તેજસ્વી તારલાઓનું સન્માન તથા સમાજના ૮ વિશેષ પ્રતિભાઓનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. આ પ્રસંગે સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શહેરના સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે આજે ગાંધીનગર પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમાજના અગ્રણી તેમજ આમંત્રિત મહેમાનોના હસ્તે ૮૦ થી વધુ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. જેમાં ધોરણ-૧ થી ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય સ્થાન મેળવ્યું હોય તે વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમજ રાજ્યકક્ષાએ શહેર અને ગુજરાતનું નામ રોશન કર્યુ હોય તેવા સમાજના ખેલાડીઓનું પણ સન્માન કરાયું હતું. જ્યારે સમાજના વિશિષ્ટ ૮ આગેવાનોનું ફૂલહાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ પ્રેરણાદાયી વકતવ્ય સમાજના ભાઈ-બહેનોને આપ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં શહેરમાંથી સમાજના ભાઈ-બહેનો, સમાજના અગ્રણી હોદેદારો હાજર રહ્યા હતા.

## ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાની બેબીઝ ગાર્ડનની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૧ અને બેમાં અભ્યાસ કરતી ૧૭૦ વિદ્યાર્થીનીઓએ ગાંધીનગરના સૌથી જૂના અને મોટા ઉદ્યાન બાલોદ્યાનની મુલાકાત લઈ વિવિધ રાઈડ્સ, નાસ્તા અને આઈસક્રીમની મજા માણી હતી. આ પ્રવાસમાં વિદ્યાર્થીનીઓ સાથે તેમનાં શિક્ષકો પણ જોડાયાં હતાં.




શહેરના શિવાલય પાર્ટી પ્લોટ ખાતે તાજેતરમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જાણીતા એડવોકેટ તેમજ કટાર લેખક અશ્વિન ત્રિવેદી અને કેડેટ ઓફીસર યુવરાજસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે ભગવદ ગીતાનું મહત્ત્વ સમજાવતો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨

સૅક્ટર-૩૦ ખાતે કાર્યરત શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે શ્રીમદ ભગવદ ગીતાનું મહત્ત્વ સમજાવતો સુંદર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઈસ્કોન મંદિર, અમદાવાદથી આવેલા મુખ્ય મહેમાન વ્યાસમુનિ દાદા, કાલિંદી સ્વરૂપદાસજી, લીલા અવતારજી, બાલકૃષ્ણદાસજી સાથે હરિભક્તો પણ સામેલ થયા હતા, જેમનું પુષ્પહારથી સ્વાગત પ્રાચાર્ય યુવરાજસિંહ વાઘેલાએ કર્યું હતું.

વ્યાસમુનિજીએ વિદ્યાર્થીઓ સાથે ભજન-કીર્તન કરી શાળામાં ભક્તિનો રસ છલકાવી દીધો હતો. તેમણે સરળતાથી ભગવાનના સિધ્ધાંતોને વિદ્યાર્થીઓ સમક્ષ ઉજાગર કર્યા હતા. દાસજીએ કુરૂક્ષેત્રમાં શ્રીકૃષ્ણે અર્જુનને શા માટે ઉપદેશ આપ્યો તે વિસ્તારથી સમજાવ્યું હતું. કાર્યક્રમમાં મહેમાન તરીકે ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષકગણે કર્યું હતું. આભારવિધિ ટ્રસ્ટી શોભનાબા વાઘેલાએ કરી હતી.



**ભારતીય પ્રવાસી પરિષદ દ્વારા પત્રકારોનો સ્નેહમિલન સમારોહ યોજાયો...**

ભારતીય પ્રવાસી પરિષદ ગુજરાત ટીમ દ્વારા આગામી દિવસોમાં સામાજીક અને આર્થિક સ્તર પર કરવામાં આવનાર સેવા અને કાર્યક્રમોને સક્રિય ભાવથી પ્રકાશીત કરે તે ઉમદા હેતુથી શહેરના સેક્ટર-૧૧ અખબારભવન ખાતે આજરોજ સવારે પ્રિન્ટ મિડિયા અને ઈલેક્ટ્રીક મિડીયાના પત્રકારોનો સ્નેહમિલન સમારોહ અને સ્વરૂચી ભોજનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં પ્રિન્ટ મિડીયા અને ઈલેક્ટ્રીક મિડીયા સાથે સંકળાયેલ પત્રકાર મિત્રો, પરિષદના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ધોળાકૂવા ખાતે શેડ-ધોબીઘાટનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના પાદરે આવેલા ધોળાકૂવા ગામે તા. ૩જી જાન્યુઆરી રવિવારે સવારે ૯ કલાકે મહાનગરપાલિકા દ્વારા નિર્મિત શેડ તથા ધોબીઘાટનું ઉદ્‌ઘાટન કરાશે. આ પ્રસંગે ધોળાકૂવા ગામના ચંચળ માતાજી નાટક મંડળ અને બળિયાદેવ યુવક મંડળના ઉત્સાહી યુવાનોનું સન્માન પણ કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ધોળાકૂવા ખાતે નવનિર્મિત શેડનું ઉદ્‌ઘાટન શંભુજી દોલાજી ઠાકોરના હસ્તે તથા ધોબીઘાટનું ઉદ્‌ઘાટન મ્યુનિસિપલ કમિશનર જી.આર. ચૌધરીના હસ્તે કરાશે. આ પ્રસંગે માર્ગ અને મકાન વિભાગના એસ.ઓ. એસ.કે. ચારેલ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ સમગ્ર પ્રોજેક્ટ માટે ગાંધીનગર મનપાના કાઉન્સીલર હસમુખભાઈ મકવાણાએ ભારે જહેમત ઉઠાવી છે. આ કાર્યક્રમમાં ધોળાકૂવા ગામના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચંચળ માતાજી નાટક મંડળના ૪૦ સભ્યો ગ્રામ્ય વિસ્તારમાં વિવિધ નાટ્ય-શૉ કરીને સામાજીક વિકાસ માટે ફંડ એકત્ર કરે છે.

## પોલીસ ભવન સર્કલ પાસેથી રમની ત્રણ બોટલ સાથે એકને ઝડપી લેવાયો

ગાંધીનગર, તા. ૨

પોલીસ ભવન સર્કલ પાસેથી એક શખ્સ બાઈક લઈને રમની બોટલોની ડિલીવરી આપવા કે લેવા જઈ રહ્યો હોવાની બાતમી સેક્ટર-૭ પોલીસને મળતાં પોલીસે રાત્રે વોચ ગોઠવીને ધોળાકૂવાના રમેશ પરષોત્તમ ભટ્ટી નામના શખ્સને પકડી પાડ્યો હતો. ત્રણ રમની બોટલ સાથે બાઈક પર જતાં પકડાઈ ગયેલા રમેશ ભટ્ટીની ધરપકડ કરીને પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાતવાતમાં

● રવિવારે યોજાઈ રહેલી અમદાવાદ મૅરેથોનમાં ગાંધીનગર રનર્સ ગ્રૂપના ૧૦ જેટલા દોડવીરો ભાગ લેવા જઈ રહ્યા છે.

● આઈએએસ સનદી સેવામાં પસંદગી પામનાર ગાંધીનગરના પનોતા પુત્ર ઉત્સવ પરમારને નવી દિલ્હીમાં દૂરદર્શન ખાતે પોસ્ટીંગ આપવામાં આવ્યું છે. જર્નાલીઝનમનો અભ્યાસ કરી ચૂકેલા ઉત્સવ પરમાર ગાંધીનગર સમાચારની ''કૉફીહાઉસ'' કોલમના કટારલેખક પણ છે.

● રેન્જ આઈજીપી દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષાના માનસિક તણાવથી મુક્ત કરી આત્મહત્યા કરતા અટકાવવા પરીક્ષા હેલ્પલાઈન ચાલુ કરાઈ છે. હકીકતમાં અગાઉ તમામ નાગરિકો માટે લોંચ કરાયેલ ''જીવન આસ્થા'' હેલ્પલાઈન જ હવે પરીક્ષા હેલ્પલાઈન તરીકે ઓળખાશે.

● કોબા રોડ પરના રાયસણ પેટ્રોલ પંપથી એરપોર્ટ રોડ પરના એપોલો સર્કલ સુધી તમામ સ્ટ્રીટલાઈટો બંધ થઈ જવા પામી છે. સૌથી વધુ ટ્રાફિક ધરાવતા આ માર્ગ પર વાહન ચાલકોએ વધુ સાવધાની રાખવી હિતાવહ રહેશે.

● નગરમાં અનેક ઠેકાણે મનપા દ્વારા મોટા મોટા સાયકલ સ્ટેન્ડ બનાવીને મુકવામાં આવ્યા છે. જેને જોઈ નગરજનોમાં ભારે કુતૂહુલ સાથે આતુરતા ફેલાઈ છે. આ સાયકલ સ્ટેન્ડ ફક્ત સાયકલ પાર્ક કરવા મુકાયા છે કે તેમાં મનપા સાયકલોની પણ વ્યવસ્થા કરશે તેવા સવાલો નગરજનો એકબીજાને પુછી રહ્યાં છે.

● ગાંધીનગરમાં હવે ટ્રાફિકના નિયમો તોડવા વાહન ચાલકોને ઈ-મેમો મળવા લાગ્યા છે. આ ઈ-મેમોને વ્હોટસએપ પર ફરતા કરી ''મને મેમો મળ્યો છે, તમે સાવધ રહેજો'' જેવી શિખામણો સાથે વાહનચાલકો ટ્રાફિકના નિયમોનું પાલન કરવા ચેતવી રહ્યા છે જે આવકારદાયક બાબત છે.

● પઠાણકોટમાં થયેલ આતંકી હૂમલાના પગલે ગાંધીનગરમાં પોલીસ હાઈએલર્ટ મોડ પર આવી ગઈ છે. નગરમાં તથા આસપાસ તમામ હોટલો, ગેસ્ટહાઉસ અને ઢાબા વગેરેનું સઘન ચેકિંગ હાથ ધરી કોઈ ઘૂસણખોરી તો નથી થઈને તેની ખાત્રી કરાઈ રહી છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# શ્રી છેડાલ પરગણા વણકર સમાજનો સ્નેહ મિલન સમારોહ આજે યોજાશે

ગાંધીનગર, તા. ૨

શ્રી છેડાલ પરગણા વણકર સમાજ ગાંધીનગર દ્વારા તા. ૩ જાન્યુઆરી ને રવિવારે સવારે ૧૦ કલાકે બ્રહ્માણી હૉલ, કડી કૅમ્પસ, સૅક્ટર-૨૩ ખાતે નરેશ કનોડિયાની અધ્યક્ષતામાં સમાજનો સ્નેહમિલન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

આ પ્રસંગે સામાજિક આગેવાન રાણાજી ભેમાજી ઠાકોર, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના કાઉન્સીલર દિનેશભાઈ મકવાણા તથા યશવંતભાઈ યોગી, સમાજના પ્રમુખ નયનભાઈ સોલંકી, ક્રેડિટ સોસાયટીના પ્રમુખ ચંદ્રકાન્ત જાદવ ઉપસ્થિત રહેશે.

# સમસ્ત ગુજરાત નાગર પરિષદ દ્વારા આજે જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા. ૨

સમસ્ત ગુજરાત નાગર પરિષદ દ્વારા દર વર્ષે યોજાતા જીવનસાથી પસંદગી મેળો તા. ૩જી જાન્યુઆરીના રોજ ટાઉનહોલ ગાંધીનગરમાં યોજાનાર છે. અંદાજે ૫૦૦થી વધુ નાગર યુવક યુવતીઓ જીવનસાથી પસંદગી મેળામાં જોડાતા હોય છે. જીવનસાથી પસંદગી મેળામાં મોટા પ્રમાણમાં જીવનસાથી પસંદગી થતી હોવાથી સફળતા મળે છે. આ પસંદગી મેળાના આયોજકો સમસ્ત ગુજરાત નાગર પરિષદના શ્રી અરૂણભાઈ બુચ, શ્રી નરેશભાઈ રાજા તથા શ્રી જનકભાઈ, શ્રી ધર્મેશ દેસાઈ, શ્રી સુભાષભાઈ ભટ્ટ વગેરે આ આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ છે.

# થર્ટી ફસ્ટની ઉજવણી ફક્ત શહેરમાં થાય છે

## પશ્ચિમી સંસ્કૃતિના વળગણથી ગ્રામ્ય વિસ્તારો દૂર જ રહ્યા, દિવાળી અને બેસતા વર્ષનું જ ગ્રામ્ય વિસ્તારોમાં મહત્વ

ગાંધીનગર, તા. ૨

દેશભરના મહાનગરો અને નગરોમાં ગુરૂવાર રાત્રીએ થર્ટી ફસ્ટની શાનદાર ઉજવણી કરી અંગ્રેજી વર્ષ ૨૦૧૬ને આવકારવામાં આવ્યું છે. એક તરફ દેશના શહેરોમાં રોશનીના જગમગાટ વચ્ચે અનેક લોકો પાર્ટી, ડાન્સ વગેરેમાં મગ્ન હતા ત્યારે દેશના ગ્રામ્ય વિસ્તારોમાં નવા વર્ષની સહેજપણ ચહલપહલ ન હતી. દેશની સંસ્કૃતિ ઉપર પશ્ચિમી સંસ્કૃતિ ધીરે ધીરે હાવી થઈ રહી છે ત્યારે હજુ પણ ગ્રામ્ય વિસ્તારોમાં માન-મર્યાદા સાથે નિતી-નિયમો અને સંસ્કૃતિ મુજબનું વર્તવા ઉપર ભાર મુકાય છે. દિવાળી અને બેસતા વર્ષે જ નવા વર્ષની મંગલભાવના પ્રગટ કરવાનું જ ગ્રામ્ય વિસ્તારમાં મહત્વ હજુ પણ અકબંધ રહ્યું છે જે ગૌરવની બાબત બની હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે.



દેશભરના શહેરો આધુનિકતાને અપનાવીને મૂળભૂત સંસ્કારોને દફન કરી રહ્યા હોવાનો અહેસાસ બનતી ઘટના ઉપરથી દરેકને લાગ્યુ છે. પશ્ચિમી દેશોનું અંગ્રેજી વર્ષ ૨૦૧૬ શુક્રવારથી શરૂ થઈ રહ્યુ હતુ ત્યારે તેનો ઉન્માદ ભારતના યુવાન વર્ગ કે જે શહેરોમાં રહે છે તેમને વધારે હતો. શરાબ, શબાબ, પાર્ટી, ડાન્સ અને જમણવાર સહિતના વિવિધ કાર્યક્રમો થર્ટી ફસ્ટની રાત્રીએ ગુજરાતના કેટલાક શહેરોમાં યોજાયા હતા. પશ્ચિમી સંસ્કૃતિમાં લોકોને મુક્તમને વિહાર અને વિચારોને અમલમાં મુકવાની છુટ હોય છે. જેમાં કેટલાક દેશોમાં કડક કાયદાઓની જોગવાઈઓ થકી અઘટિત ઘટનાઓ ઓછી બનતી હોય છે. ત્યારે ભારત દેશમાં સમયના પ્રવાહ સાથે પશ્ચિમી સંસ્કૃતિ યુવાન વર્ગ ઉપર બળજબરી હાવી થઈ રહી હોય તેવું લાગે છે. પશ્ચિમી સંસ્કૃતિને અપનાવી કોઈ સ્ત્રી ઓછા કપડામાં નજરે આવે તો પણ તે ધ્યાન ખેંચે છે જે ઘટના ભારત દેશ જેવા સંસ્કારી મુલ્યો સાથે વણાયેલા પ્રજાજનો માટે અજુગતી બનતી ઘટના હોય છે.

છતાં પણ દેશના ગ્રામ્ય વિસ્તારોએ હજુ પણ ભારતીય સંસ્કૃતિને અકબંધ રાખવા કટિબદ્ધ હોય તેવું લાગ્યું છે. થર્ટીફસ્ટ હોય કે અન્ય અંગ્રેજી તહેવાર હોય ગ્રામ્ય વિસ્તારો ઉજવણીથી દૂર જ રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારો હજુ એકમથી પૂનમ કે અમાસ મુજબની તિથિ પ્રમાણે જ વર્તતા હોય છે અને નવું વર્ષ એટલે દિવાળી અને બેસતા વર્ષની ઉજવણી જ મહત્વની હોય છે. હિન્દુ સંસ્કૃતિના આ તહેવારમાં લોકો એકબીજાને મળે છે, મોં મીઠું કરાવેછે, વડીલોને પગે લાગે છે, ધાર્મિક સ્થળોએ દર્શન કરે છે તેમજ માતાજીના ગરબા જેવા ધાર્મિક આયોજનો થાય છે. આમ પશ્ચિમી સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિનો તફાવત જમીન-આસમાન જેવો છે. જે હજુ ગ્રામ્ય વિસ્તારોએ જાળવી માન અને મોભો દેશને પ્રદાન કર્યો છે.

# વિસનગરા નાગર પરિવારનો સ્નેહમિલન સમારોહ યોજાશે

## આગામી દસમીએ યોજાનાર વડીલો અને વિશિષ્ટ પ્રાપ્ત કરનાર સભ્યોનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૨

વિસનગરા નાગર પરિવાર દ્વારા આગામી તા. ૧૦ જાન્યુઆરીને રવિવારના રોજ બપોરે ૩.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન સેક્ટર-૧૭, ઈજનેરી સ્ટાફ ટ્રેનીંગ કોલેજ હોલ ખાતે ૨૨માં સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં પરિવારના તેજસ્વી તારલાઓનો, ૭૫ વર્ષ પુરા કરનારા વડીલોને તથા વિશિષ્ઠ સિદ્ધિઓ મેળવી હોય તેવા સભ્યોનું પણ સન્માન કરવામાં આવશે.

આ પ્રસંગે પરિવાર દ્વારા સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. વિસનગરા નાગર પરિવારના તમામ સભ્યોને સ્નેહમિલન સમારોહમાં ઉપસ્થિત રહેવા પ્રમુખ સુરેશભાઈ મહેતાએ અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. રંજનબેન ધૂળાભાઈ બ જાણીયા, ઉ.વ. ૪૭
- સ્વ. શાંતાબેન દામોદરદાસ મિસ્ત્રી, ઉ.વ. ૮૯
- સ્વ. રમતુજી બબાજી મકવાણા, ઉ.વ. ૬૦
- સ્વ. હર્ષદરાય નાનાલાલ વ્યાસ, ઉ.વ. ૭૧
- સ્વ. હિરાબેન ધીરજલાલ દવે, ઉ.વ. ૭૬